સુવિચાર :જેની કદર ના કરી શકો એ તમારી પાસેથી ધીમે ધીમે દૂર થતું જાય છે.. અને એક દિવસ એ ગુમ થઇ જાય છે - એસ. ભટ્ટાચાર્ય

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૧૪ | ૩ જુલાઇ, ૨૦૧૫, શુક્રવાર ; અધિક અષાઢ વદ - ૧/૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



સાંસદોના પગારને બમણો કરવાની ભલામણ Page-6

# ગાંધીનગરના ૬૯ પ્લોટની ૨૪મીએ હરાજી

## ઈ-હરાજી પુનઃ કરવા માટેનો તખ્તો તૈયાર : સે-૬માં કોર્પોરેટ હોસ્પિટલને બદલે હવે ડોકટર હાઉસ બનશે : ૮ થી ૧૬ જુલાઈ દરમિયાન ડિપોઝીટ ભરી ડિઝીટલ સિગ્નેચર ખરીદવાની રહેશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરના રહેણાંક, વાણિજય તેમજ ડોકટર હાઉસના રદ કરાયેલા પ્લોટ સહિત ૬૯ પ્લોટોની ઈ હરાજી હવે ૨૪ જુલાઈના રોજ યોજવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં પુનઃ ઈ-હરાજીનો પ્રયોગ કરવા માટે તંત્રએ તૈયારીઓ કરી લીધી છે. આ હરાજી માટે ૮ થી ૧૬ જુલાઈ દરમિયાન ૧૦ ટકા ડિપોઝીટ ભરી ડિઝીટલ સિગ્નેચર મેળવી લેવાની રહેશે.

આ હરાજી એક જ દિવસે યોજાશે તેમજ હરાજી માટે ૪૫ મિનિટનો જ સમય મુકરર કરવામાં આવ્યો છે.

ગાંધીનગર શહેરમાં અતિ વિવાદાસ્પદ બનેલ પ્લોટોની ઈ-હરાજી તેની સમય મર્યાદમાં જ સંપન્ન થઈ હતી પરંતુ રીંગની આશંકાને લઈ ૧૪ જેટલા પ્લોટની હરાજી રદ કરવામાં આવી હતી. આ ઉપરાંત ૪૫ જેટલા પ્લોટમાં બિડરો નહિ મળતાં તે રદ કરવામાં આવી હતી.

જિલ્લા વહીવટીતંત્ર આ પુનઃ હરાજીમાં ગઈ વખતે થયેલી ચૂકનું પુનરાવર્તન ના થાય તે માટે અત્યારથી જ સજજ થઈ ચુકયું છે. આ હરાજી માટેનો સંપૂર્ણ તખ્તો તૈયાર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

ગાંધીનગર શહેરમાં થયેલ પ્લોટની હરાજીમાં ૧૧૨ કરોડની આવક થઈ હતી. હવે સરકારે પણ આ હરાજી તાત્કાલિક ધોરણે જ બીજી વાર હાથ ધરવા માટે આપેલ સૂચનાને પગલે તંત્ર એ તૈયારીઓ પુરી કરી લીધી છે.

આ વખતે સે-૬માં કોર્પોરેટ હોસ્પિટલના સ્થાને ડોકટર હાઉસ જ બનાવવામાં આવશે તેમ જાણવા મળેલ છે. વાણિજય વિસ્તારના પ્લોટ અને રહેઠાણના પ્લોટ માટે આ વખતની હરાજીમાં સારી કિંમત મળશે તેમ મનાઈ રહ્યું છે.

ગાંધીનગરના પ્લોટોની ઈ-હરાજી પુનઃ યોજવાના ચક્રો ગતિમાન થતાં જ જમીનના ખરીદ રસિયાઓ પુનઃ સક્રિય થયા છે. જો કે આ વખતે રીંગ થવાની શકયતાઓ નહિવત રહેશે તેમ મનાઈ રહ્યું છે.

સરકારે એક દસકા બાદ આ પ્લોટોની હરાજી યોજી હતી. આ પુનઃ હરાજીમાં હવે કેવા ભાવ મળે છે તેના પર સૌની નજર મંડાયેલી છે.



વાદળો છવાયા - શહેરમાં ગુરૂવારે બપોર બાદ વાદળછાયું વાતાવરણ સર્જાયું હતું... મેઘરાજાની પુનઃ પધરામણી થશે એવી આશા નગરજનોના મનમાં હતી પરંતુ કોણ જાણે કેમ વાદળો વિખરાઈ ગયા... દિવસ દરમિયાન ગરમીનો પારો ઉનાળાના લગોલગ ૩૭ ડિગ્રી પર પહોંચ્યો હતો... જ્યારે ૭૪ ટકાના ભેજ સાથે દિવસ દરમિયાન બફારો પણ અસહ્ય રહ્યો હતો... ગરમી કરતાં બફારો વધુ આકરો લાગે છે... અને હવે તો આકાશમાં ઘેરાતા વાદળો વરસી પડે એ જ પ્રાર્થના સૌના મનમાં વ્યક્ત થાય છે... (તસવીર : દિપક જાની)

# જિલ્લા ભાજપમાં જૂથબંધી પરાકાષ્ટાએ

## ચૂંટાયેલી પાંખ અને સંગઠ્ઠન વચ્ચે સંકલનનો અભાવ : સંગઠ્ઠનમાં પણ ભારે આંતરિક ખેંચતાણ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લા ભાજપ સંગઠ્ઠનમાં ભારેખમ જૂથબંધી એ પક્ષના સંગઠ્ઠનને મજબૂત થવાને બદલે વધુ નબળુ બનાવ્યુ છે.

પક્ષના સંગઠ્ઠનમાં સંકલનનો સતત અભાવ જાહેર કાર્યક્રમમાં છતો થતો જોવા મળી રહ્યો છે એટલુ જ નહિ પક્ષના હોદ્દેદારો પણ કાનાફૂસી પર નિર્ભર હોય તેવું વધુ જોવા મળે છે.

જાહેર કાર્યક્રમોમાં ફોટા પડાવવા અને પક્ષના કાર્યકરોની સતત ઉપેક્ષાઓ કરવી એ હવે ભાજપના સંગઠ્ઠનની આગવી ઓળખ બની ચુક્યુ છે. સેવા માટે સત્તા એજ સાધન એવા મંત્ર સાથે સંગઠ્ઠનની કામગીરી ચાલતી હોય તેવી છાપ લોકમાનસમાં પ્રવર્તી રહી છે.

સિમાંકનના મુદ્દે પક્ષના કાર્યકરો સાથે કોઈ જ ચર્ચા નહિ કરવાની વૃત્તિએ પક્ષમાં ભારે અસંતોષ જગાવ્યો છે એટલું જ નહિ જે રીતે પક્ષમાં જૂથબંધી વકરી છે તેની વાતો હવે ચોરે ને ચૌટે ખુલ્લેઆમ થાય છે.

એક તબક્કે દેશના વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ પણ પક્ષની જૂથબંધીથી વાજ આવી જઈ કાર્યકરોને સંભળાવી દીધુ હતુ કે 'પક્ષની કચેરીને તાળા મારી દો આ સંગઠ્ઠન વગર સારૂ કામ થશે' દરેક વાતમાં વાંધા, વચકા, રિસામણા, મનામણા કરવાની રીત હવે ભાજપને કોઠે પડી ગઈ હોય તેવું લાગે છે.

● અનુસંધાન પાન-૭ પર




# અતિવૃષ્ટિ અસરગ્રસ્ત જિલ્લા માટે સહાય પેકેજની ફોર્મ્યુલા ઘડાઈ

## મંત્રીમંડળની પેટાસમિતિની મળેલી બેઠકમાં અમરેલી અને રાજકોટ જિલ્લાના ભારે વરસાદથી સર્જાયેલી તારાજીમાં સહાય માટે પેકેજની યોજનાને આખરી ઓપ અપાયો

ગાંધીનગર, તા. ૨

અમરેલી જિલ્લામાં અતિવૃષ્ટિને કારણે થયેલ નુકશાન અંગેનો તાગ મેળવીને સહાય પેકેજ આપવા અંગેની ફોર્મ્યુલા આજે મળેલી મંત્રીઓની કોર કમિટિની બેઠકમાં ઘડી કાઢવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં સૌરાષ્ટ્રના અમરેલી, રાજકોટ જિલ્લામાં ભારે વરસાદને કારણે ભારે તારાજી સર્જાઈ હતી.

અતિ વૃષ્ટિના કારણે અમરેલી જિલ્લો સૌથી વધુ પ્રભાવીત થયો હતો ત્યારે વરસાદને કારણે કૃષિક્ષેત્રે ધંધા રોજગારને ભારે નુકશાન થવા પામ્યું હતું.

અતિવૃષ્ટિથી અસરગ્રસ્ત લોકોને સહાયરૂપ થવા માટે રાજ્ય સરકારે રાજ્યના આરોગ્યમંત્રી નિતિનભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મંત્રીઓની એક પેટા સમિતિની રચના કરવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે મંત્રીઓની પેટા સમિતિની એક બેઠક અસરગ્રસ્ત જિલ્લાના ધારાસભ્યો સાંસદો સાથે એક બેઠક યોજાઈ હતી. જેમાં અતિવૃષ્ટિથી કયા કયા ક્ષેત્રમાં કેટલુ નુકશાન થયું છે તે અંગેની સમીક્ષા કરવામાં આવી હતી. આ ઉપરાંત ખેડૂતોને તેમજ વેપાર ધંધા ઉદ્યોગોને થયેલ નુકશાન પેટે કેવા સહાય પેકેજ આપવા એ અંગે પણ ચર્ચા કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ મંત્રીઓની પેટા સમિતિ કૃષિ માટે ધંધા ઉદ્યોગ માટેના જુદા જુદા સહાય પેકેજો તૈયાર કરીને સરકાર સમક્ષ રજુ કરશે અને પેટા સમિતિ સાથે આ અંગે ચર્ચા કર્યા બાદ સહાય પેકેજોને આખરી કરીને આગામી સપ્તાહે સહાય પેકેજ જાહેર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.













